**ફોજદારી કેસ નં. ૧૦૩૧/ ૨૦૨૪.**

**(ચુકાદો)**

GJDW050013972024

| | | | |
|---|---|---|---|
| દાખલતારીખ: | ૦૧–૦૮–૨૦૨૪ | | |
| રજૂ તારીખ: | ૦૧–૦૮–૨૦૨૪ | | |
| ફેસલ તારીખ: | ૩૦–૦૬–૨૦૨૬ | | |
| સમય | વર્ષ | માસ | દિવસ |
| અવધી: | ૦૧ | ૧૦ | ૨૯. |

---

**દ્વારકાનાં મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ**

**(શ્રી જે.એસ.પ્રજાપતિ) સાહેબની કોર્ટમાં,**

**મુકામ : દ્વારકા સમક્ષ.**

---

**ફોજદારી કેસ નં. ૧૦૩૧/ ૨૦૨૪.**

**આંક :–૩૦.**

**ફરિયાદી:** **સ ર કા ર શ્રી,**

(ફરિયાદી :દેવરાજભા બબાભા માણેક,

જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૨૦,

ધંધો : ટાટા કંપનીમાં લોડીંગનો,

રહેવાસી : નરસંગ ટેકરી,

કુલવાડી, મું. દ્વારકા,

**ફોજદારી કેસ નં. ૧૦૩૧/ ૨૦૨૪.**

**(ચુકાદો)**

તાલુકો : દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા.)

**વિરુધ્ધ**

**આરોપીઓ:** (૧) કરશનભાઈ કારાભાઈ કરમટા,
જાતે : રબારી, ઉંમર વર્ષ :૨૫,
ધંધો : ખેતી, રહેવાસી : રબારી પાળો,
મું. દ્વારકા, તાલુકો : દ્વારકા,
જિલ્લો : દેવભૂમિ દ્વારકા.

(૨) લાલભઈ ઘેલાભાઈ કરમટા,
ઉંમર વર્ષ : ૨૫, ધંધો : માલધારી,

(૩) રૂપાભાઈ ગાંગાભાઈ કરમટા,
ઉંમર વર્ષ : ૨૧, ધંધો : ડ્રાઈવિંગ,
રહેવાસી : બંને આવળ પરા,
મું. દ્વારકા, તાલુકો : દ્વારકા,
જિલ્લો : દેવભૂમિ દ્વારકા.

**ફોજદારી કેસ નં. ૧૦૩૧/ ૨૦૨૪.**

**(ચુકાદો)**

---

**ગુન્હો :- ધી ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ ની કલમો - ૩૨૩, ૩૨૪, ૫૦૪, સાથે વાંચતા કલમ - ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ - ૧૩૫ ( ૧ ) અન્વયે.**

---

---

**એડવોકેટસ એપીયરન્સીશ:-**

**ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન આસી.પબ્લીક પ્રોસી. શ્રી એસ. પી. પરમાર,**

**આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. એ. વાઘેલા.**

---

**::- ચુ કા દો -::**

(૧) ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગત તા.૧૨-૦૨-૨૦૨૪ નાં રોજ, કલાક ૧૨ : ૦૦ વાગ્યાનાં સુમારે, મોજે ભથાણ ચોક રોડ તથા હોટલ બરસાના પાસે, ગલીમાં, મું. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા વાળા ખાતે આ કામનાં ફરિયાદી તથા સાહેદ રાજુભા ભાવુજા સુમણીયાનાંઓ પોતાની મોટર સાઈકલ ગાડી, જેના આર. ટી. ઓ. રજીસ્ટ્રેશન નં. જી જે - ૧૦ - સી -

૩૭૪૭ નું લઈને ભથાણ ચોક શ્રી આવળપરા વિસ્તાર તરફ આવતા હોય, ત્યારે આહિર સમાજ તરફથી આરોપી નં. ૧, ૨ વાળાઓ પોતાની મોટર સાઈકલ ગાડી, જેના આર. ટી. ઓ. રજીસ્ટ્રેશન નં. જી જે – ૩૭ – એચ – ૪૩૦૯ નું લઈ અવતા હોય, ત્યારે સમ સામે બંનેનાં મોટર સાઈકલ અથડાયેલ અને તેમા બંને આરોપીઓ ફરિયાદી તથા સાહેદને ભૂંડી ગાળો કાઢી, જતાં રહેલ, જેથી ફરિયાદી તથા સાહેદ તેની મોટર સાઈકલ ગાડી લઈ, તેની પાછળ આવી બરસાના હોટલ પાસેની ગલીમાં આરોપીઓને ઉભી રખાવી, કેમ ગાળો બોલો છો ? આમ ફરિયાદી તથા સાહેદે કહેતા આરોપીઓઉશકેરાઈ જઈ, ફરિયાદી તથા સાહેદને ઢીકા, પાટુનો માર મારતાં હોય, ત્યારે આરોપી નં. ( ૩ ) નાંએ ત્યાં વચ્ચે આવી, ફરિયાદીને માથામાં, હાથમાં પહેરવાના કડા વતિ માથામાં પાછળની સાઈડમાં એક ઘા મારતાં ફરિયાદીને માથામાં ફૂટની ઈજા થતાં તે ત્યાં નીચે પડી જતાં આજુબાજુ વાળાઓ આવી જતાં ત્રણેય જણાઓ જતાં રહેલ અને આ ફરિયાદી તથા સાહેદને આરોપીઓ ભૂંડી ગાળો કાઢી, ઢીકા, પાટુનો માર મારી, ગુનો આચરવામાં એકબીજાની મદદગારી કરી, માથામાં ફૂટની ઈજા કરી, ગુનો આચરવામાં આરોપીઓએ એક બીજાની મદદગારી કરી, મહેરબાન અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીનાં હથિયાર બંધીનાં જાહેરનામાંનો ભંગ કરી, ધી ઈન્ડીયન પીનલ કોડ – ૧૮૬૦ ની કલમ – ૩૨૩, ૩૨૪, ૫૦૪, સાથે વાંચતા કલમ – ૧૧૪ તથા ધી

ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) મુજબનો ગુનો કર્યો હતો, જે બનાવ સંબંધે ફરિયાદીએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ગુનો નોંધાયેલો અને તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી હાલનાં આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો પડતાં ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલું.

(૨) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતા, ત્યારબાદ ધી ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ– ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આરોપીઓને પુરી પાડ્યાની ખાતરી કર્યા બાદ, આ કામનાં આરોપીઓ સામે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી દવારા આંક– ૦૪ થી ત્હોમતનામું ફરમાવવામાં આવેલ હતું અને ત્યાર બાદ આરોપીઓનાં ગુના સંબંધી આંક–૦૫ થી આંક–૦૭ સુધી નિવેદનો લેતાં, આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી. ફરિયાદ પક્ષે પૂરાવો રજૂ કરવા જણાવતાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પૂરાવો નોધ્યો.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પૂરાવાઓ રજૂ કર્યા છે.

**Prosecution Witnesses:**

| Sr. No. | RANK | NAME | NATURE OF EVIDENCE |
|---|---|---|---|
| (૧) | EXH. 16 | ફરિયાદ પક્ષ તરફે આ કામે મુળ ફરિયાદી – દેવરાજભા બબાભા માણેકની સોગંદ ઉપરની જુબાની. | મુળ ફરિયાદી |

**Prosecution Exhibits:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| (૧) | EXH. 17 | ફરિયાદ પક્ષ તરફે આ કામે મુળ ફરિયાદી – દેવરાજભા બબાભા માણેકની પોલીસ ફરિયાદ. |
| (૨) | EXH. 25 | ફરિયાદ પક્ષ તરફે આ કામે ગુનાવાળી – બનાવવાળી – સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| (૩) | EXH. 26 | ફરિયાદ પક્ષ તરફે આ કામે ગુના કામે વાપરેલ હથિયાર કબજે કરવાનું પંચનામું. |

**A. C. J. M.,**
**DWARKA.**

| | | |
|---|---|---|
| (૪) | EXH.27 | ફરિયાદ પક્ષ તરફે આ કામે મુળ ફરિયાદી દેવરાજભા બબાભા માણેકનું મેડીકલ ઈન્જરી સર્ટીફીકેટની નકલ. |
| (૫) | EXH. 28 | ફરિયાદ પક્ષ તરફે આ કામે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, દેવભૂમિ દવારકાવાળાઓનાં હથિયાર બંધી અંગેનાં જાહેરનામાંની નકલ. |

(૪) ત્યાર બાદ આ કામે આંક–૨૯ થી ફરિયાદ પક્ષ તરફે પુરાવો પૂરો થયેલો હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલી હતી.

(૫) સદર કામે ફરીયાદ પક્ષે જે સાહેદને તપાસવામાં આવેલ છે તે સિવાયનાં બાકીના સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ડ્રોપ કરવામાં આવેલ છે, આ કામે આરોપીઓના ધી ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૩૧૩ ( ૧ ) ( ખ ) ૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન લેતાં, આરોપીઓએ તેમની સામેનાં આક્ષેપોનો ઈન્કાર કરી, ખોટી ફરિયાદ અને ખોટુ ચાર્જશીટ કરેલ હોવાની રજૂઆત કરેલી હતી.

(૬) ત્યાર બાદ બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની કાયદા તથા હકીકતો અંગેની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::– મુ દ્દા ઓ –::**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, ગત તા.૧૨–૦૨–૨૦૨૪ નાં રોજ, કલાક ૧૨ : ૦૦ વાગ્યાનાં સુમારે, મોજે ભથાણ ચોક રોડ તથા હોટલ બરસાના પાસે, ગલીમાં, મું. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા વાળા ખાતે આ કામનાં ફરિયાદી તથા સાહેદ રાજુભા ભાવુજા સુમણીયાનાંઓ પોતાની મોટર સાઈકલ ગાડી, જેના આર. ટી. ઓ. રજીસ્ટ્રેશન નં. જી જે – ૧૦ – સી – ૩૭૪૭ નું લઈને ભથાણ ચોક શ્રી આવળપરા વિસ્તાર તરફ આવતા હોય, ત્યારે આહિર સમાજ તરફથી આરોપી નં. ૧, ૨ વાળાઓ પોતાની મોટર સાઈકલ ગાડી, જેના આર. ટી. ઓ. રજીસ્ટ્રેશન નં. જી જે – ૩૭ – એચ – ૪૩૦૯ નું લઈ અવતા હોય,

ત્યારે સમ સામે બંનેનાં મોટર સાઈકલ અથડાયેલ અને તેમા બંને આરોપીઓ ફરિયાદી તથા સાહેદને ભૂંડી ગાળો કાઢી, જતાં રહેલ, જેથી ફરિયાદી તથા સાહેદ તેની મોટર સાઈકલ ગાડી લઈ, તેની પાછળ આવી બરસાના હોટલ પાસેની ગલીમાં આરોપીઓને ઉભી રખાવી, કેમ ગાળો બોલો છો ? આમ ફરિયાદી તથા સાહેદે કહેતા આરોપીઓઉશકેરાઈ જઈ, ફરિયાદી તથા સાહેદને ઢીકા, પાટુનો માર મારતાં હોય, ત્યારે આરોપી નં. ( ૩ ) નાંએ ત્યાં વચ્ચે આવી, ફરિયાદીને માથામાં, હાથમાં પહેરવાના કડા વતિ માથામાં પાછળની સાઈડમાં એક ઘા મારતાં ફરિયાદીને માથામાં કૂટની ઈજા થતાં તે ત્યાં નીચે પડી જતાં આજુબાજુ વાળાઓ આવી જતાં ત્રણેય જણાઓ જતાં રહેલ અને આ ફરિયાદી તથા સાહેદને આરોપીઓ ભૂંડી ગાળો કાઢી, ઢીકા, પાટુનો માર મારી, ગુનો આચરવામાં એકબીજાની મદદગારી કરી, માથામાં કૂટની ઈજા કરી, ગુનો આચરવામાં આરોપીઓએ એક બીજાની મદદગારી કરી, મહેરબાન અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીનાં હથિયાર બંધીનાં જાહેરનામાંનો ભંગ કરી, ધી ઈન્ડીયન પીનલ કોડ – ૧૮૬૦ ની કલમ – ૩૨૩, ૩૨૪, ૫૦૪, સાથે વાંચતા કલમ – ૧૧૪ તથા ધી ગુજરાત

પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્ધાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબનાં છે :–

**::– નિ ર્ણ યો –::**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે :–

**::– કા ર ણો –::**

**મુદ્દા નં. ૧ :–**

(૧૦) સદર કામે ફરિયાદ પક્ષે હાલનાં કેસનાં ખૂબ જ અગત્યનાં અને મહત્વનાં ગણી શકાય, તેવા સાહેદ – મુળ ફરિયાદી જ ખૂદ ભોગ બનનાર છે, જે આંક– EXH.16 થી ફરિયાદી – દેવરાજભા બબાભા માણેકને તપાસેલા હતાં, જેની સમગ્ર જુબાની વંચાણે લેતાં

અને ઝીણવટપૂર્વક અભ્યાસ કરતાં સદર જુબાનીમા તેઓએ મુખ્યત્વે પોતાાની ફરિયાદને મહદઅંશે સમર્થનકારક પુરાવો આપેલો છે અને તેમણે કરેલી પોતાની ફરિયાદ ઓળખી બતાવી આ કામે આાંક-૨૪ થી દસ્તાવેજી પુરાવા તરીકે રજૂ કરેલી છે.

(૧૦.૧) ત્યાર બાદ બચાવ પક્ષ તરફે લેવાયેલી ઉલટ તપાસમાં સદર મુળ ફરિયાદીએ મુખ્યત્વે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપીઓએ મારી સાથે ગાળાગાળી કરેલ નથી કે માથાના ભાગે મારેલું હોય, તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે,હું બાઈક ઉપરથી પડી જતાં માથાના ભાગે ઈજા થયેલ હતી. એ વાત ખરી છે કે,આરોપીઓ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી, તે બાબતે હું પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા ગયેલો.

(૧૦.૨) આમ, ખૂદ ફરિયાદીએ મહદઅંશે પોતાની આંક-૧૬ વાળી સોગંદ ઉપરની જુબાની દરમિયાન અદાલત સમક્ષ મહદઅંશે પોતાની જ આંક-૨૪ વાળી ફરિયાદને મહદઅં શે સમર્થનકારક પુરાવો આપેલો છે, પરંતુ ત્યાર બાદ બચાવ પક્ષ તરફે લેવાયેલી ઉલટ તપાસમાં જ સદર મુળ ફરિયાદીએ

પોતાની આંક–૨૪ વાળી ફરિયાદને લેશમાત્ર પણ સમર્થનકારક પુરાવો આપેલો નથી.

(૧૧) આમ, હાલનાં કેસનાં ખૂબ જ અગત્યનાં અને મહત્વનાં ગણી શકાય, તેવા મુળ ફરિયાદીએ ખૂદ પોતે જ પોતાની ફરિયાદ આંક–૨૪ વાળીને લેશમાત્ર પણ સમર્થન કારક જુબાની આપેલ ન હોય, સદર ફરિયાદીની અદાલત સમક્ષની ઉલટ તપાસ થકી પણ આંક–૨૪ વાળી ફરિયાદની હકીકતો સાબીત થતી નથી, જેથી ફરિયાદ આંક–૨૪ વાળીની હકીકતો કે આંક–૧૭ વાળા સદર દસ્તાવેજી પુરાવા કે આંક–૨૫ થી આંક–૨૮ સુધીનાં દસ્તાવેજી પુરાવાઓની હકીકત પણ ફરિયાદ પક્ષ નમાદાર અદાલત સમક્ષ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે.

(૧૨) સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બનવા બાબતે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ સાહેદે સરતપાસમાં આપેલ જુબાનીથી તેઓ ફરિયાદી અને મહત્વના સાહેદ હોઈ આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થતા નથી. તેમજ આક્ષેપિત ગુનો હાલના આરોપી દ્વારા કરવામાં આવેલ હોય તે ફરિયાદપક્ષ રેકર્ડ પરના પુરાવાના આધારે સાબિત કરી શકેલ નથી. આરોપોની વિશ્વસનીયતા અને સચ્ચાઈ સાક્ષીઓની ઉલટતપાસના

અંતે ટકી શકેલ નથી. અને તહોમત પુરવાર કરવા માટેનો રેકર્ડ પરનો પુરાવો પુરતો જણાતો નથી. આરોપીઓની સંડોવણી દર્શાવતા પુરાવા વિનાનું આનુમાનીક તારણ ટકી શકે નહિ. શંકા પ્રેરતી જુબાનીના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહિ. હાલના આરોપીઓ જ ખરેખર જવાબદાર હતા તેવી વ્યાજબી માત્રાની ચોકસાઈ વિના તેઓની સ્વતંત્રતા છીનવી લઈ શકાય નહિ. એ હકીકત પણ ભુલાવી ન જોઈએ કે સાક્ષીની ઉલટ તપાસ જ તેની વિશ્વસનીયતા ચકાસવાની એકમાત્ર પધ્ધતિ નથી. આ સચ્ચાઈનો નિર્ણય કેસના સમગ્ર સંજોગો પરથી કરવાનો હોય છે, જે દેખીતી રીતે હકીકતનો પ્રશ્ન છે.

(૧૩) આમ, આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈ મૂલ્યાંકન કરતાં જણાય છે કે, ફરિયાદીએ પુરાવા બંધની પુર્સીસ આપતા, ફરિયાદપક્ષે અન્ય કોઈ મૌખિક પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. હાલના કેસમાં ફરિયાદીએ બનાવની હકીકતે મુખ્ય સાક્ષી હોઈ, આ કેસમાં અન્ય સાહેદો જેમનો પુરાવો મુખ્ય નથી પણ સમર્થનકારી છે. ઉપર મુજબ મુખ્ય પુરાવો આપનાર સાહેદ ફરિયાદ પક્ષનાં અસમર્થનકારી પુરાવાઓ બાદ ફરિયાદની હકીકતોને લગતો કોઈ સીધો કે સંયોગિક સચોટ પુરાવો રેકર્ડ પર લાવી ફરિયાદપક્ષનો કેસ નિશંકપણે સાબિત થઇ શકે તેમ નથી. રેકર્ડ પરના ઉપરોક્ત પુરાવાના આધારે કોઈપણ રીતે આરોપીને ગુનાની હકીકત અને તત્વો સાથે સાંકળી શકાય તેમ નથી. અને આધારભૂત, વિશ્વસનીય અને માનવાને લાયક પુરાવો રેકર્ડ પર લાવી શકવાની અક્ષમતાને કારણે

ગત તા.૧૨–૦૨–૨૦૨૪ નાં રોજ, કલાક ૧૨ : ૦૦ વાગ્યાનાં સુમારે, મોજે ભથાણ ચોક રોડ તથા હોટલ બરસાના પાસે, ગલીમાં, મું. દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા વાળા ખાતે આ કામનાં ફરિયાદી તથા સાહેદ રાજુભા ભાવુજા સુમણીયાનાંઓ પોતાની મોટર સાઈકલ ગાડી, જેના આર. ટી. ઓ. રજીસ્ટ્રેશન નં. જી જે – ૧૦ – સી – ૩૭૪૭ નું લઈને ભથાણ ચોક શ્રી આવળપરા વિસ્તાર તરફ આવતા હોય, ત્યારે આહિર સમાજ તરફથી આરોપી નં. ૧, ૨ વાળાઓ પોતાની મોટર સાઈકલ ગાડી, જેના આર. ટી. ઓ. રજીસ્ટ્રેશન નં. જી જે – ૩૭ – એચ – ૪૩૦૯ નું લઈ અવતા હોય, ત્યારે સમ સામે બંનેનાં મોટર સાઈકલ અથડાયેલ અને તેમા બંને આરોપીઓ ફરિયાદી તથા સાહેદને ભૂંડી ગાળો કાઢી, જતાં રહેલ, જેથી ફરિયાદી તથા સાહેદ તેની મોટર સાઈકલ ગાડી લઈ, તેની પાછળ આવી બરસાના હોટલ પાસેની ગલીમાં આરોપીઓને ઉભી રખાવી, કેમ ગાળો બોલો છો ? આમ ફરિયાદી તથા સાહેદે કહેતા આરોપીઓઉશકેરાઈ જઈ, ફરિયાદી તથા સાહેદને ઢીકા, પાટુનો માર મારતાં હોય, ત્યારે આરોપી નં. ( ૩ ) નાંએ ત્યાં વચ્ચે આવી, ફરિયાદીને માથામાં, હાથમાં પહેરવાના કડા વતિ માથામાં પાછળની સાઈડમાં એક ઘા મારતાં ફરિયાદીને માથામાં ફૂટની ઈજા થતાં તે ત્યાં નીચે પડી જતાં આજુબાજુ વાળાઓ આવી જતાં ત્રણેય જણાઓ જતાં રહેલ અને આ ફરિયાદી તથા સાહેદને આરોપીઓ ભૂંડી ગાળો કાઢી, ઢીકા, પાટુનો માર મારી,

ગુનો આચરવામાં એકબીજાની મદદગારી કરી, માથામાં ફૂટની ઈજા કરી, ગુનો આચરવામાં આરોપીઓએ એક બીજાની મદદગારી કરી, મહેરબાન અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીનાં હથિયાર બંધીનાં જાહેરનામાંનો ભંગ કરી, ધી ઈન્ડીયન પીનલ કોડ – ૧૮૬૦ ની કલમ – ૩૨૩, ૩૨૪, ૫૦૪, સાથે વાંચતા કલમ – ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત નિશંકપણે સાબિત કરવામાં સફળ નીવડેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ –::**

(૧) આ કામના આરોપીઓ નં. (૧) કરશનભાઈ કારાભાઈ કરમટા, જાતે : રબારી, ઉંમર વર્ષ :૨૫, ધંધો : ખેતી, રહેવાસી : રબારી પાળો, મું. દ્વારકા, તાલુકો : દ્વારકા, જિલ્લો : દેવભૂમિ દ્વારકા તેમજ આરોપી નં. (૨) લાલભઈ ઘેલાભાઈ કરમટા, ઉંમર વર્ષ : ૨૫, ધંધો : માલધારી, તેમજ આરોપી નં. (૩) રૂપાભાઈ ગાંગાભાઈ કરમટા, ઉંમર વર્ષ : ૨૧, ધંધો : ડ્રાઈવિંગ, રહેવાસી : બંને આવળ પરા, મું. દ્વારકા, તાલુકો : દ્વારકા, જિલ્લો : દેવભૂમિ દ્વારકાવાળાઓને દ્વારકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન

**ફોજદારી કેસ નં. ૧૦૩૧/ ૨૦૨૪.**

**(ચુકાદો)**

નં. ૧૧૧૮૫૦૦૨૨૪૦૧૭૩ / ૨૦૨૪ થી અગાઉ નોંધાયેલા ધી ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ– ૨૪૮ ( ૧ ) અન્વયેનાં ધી ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ ની કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, સાથે વાંચતા કલમ – ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતિ નં. ૧૮ / ૨૦૨૪ માં જણાવેલા મુદૃામાલનો અપિલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવો.

(૩) ધી ક્રિમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ– ૪૮૧ અન્વયે, આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા અન્યથા દરેક ( પ્રત્યેક ) આરોપીએ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

**A. C. J. M.,**
**DWARKA.**

**ફોજદારી કેસ નં. ૧૦૩૧/ ૨૦૨૪.**

**(ચુકાદો)**

ઉપરોકત હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સં ભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : દ્વારકા.
તારીખ:૩૦–૦૬–૨૦૨૬
(#STENO.:H.N.T.)

**(જગદીશ શંકરભાઈઈ પ્રજાપતિ)**
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ,**
**દ્વારકા.**
(જજ્જ યુનિક આઈ. ડી. નં. જી જે ૦૧૨૨૭)

**A. C. J. M.,**
**DWARKA.**